# BUSINESS મિત્ર

## વિદેશી રોકાણકારોની સતત વેચવાલીએ શેરબજારમાં ઘટાડો ચાલુ રહ્યો

# અમેરિકાના ટેરિફની અસર નવા વલણ પર પડી: રોકાણકારોના રૂ. 5.20 લાખ કરોડ સ્વાહા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 1:** ભારતીય શેરબજારમાં અમેરિકાના ટેરિફની અસર જોવા મળી હતી, જે ગઈકાલે જુલાઈ એક્સપાયરીના લીધે શોર્ટ કવરીંગ થવાના કારણે લાલ નિશાનમાં બંધ રહ્યા હતા, પણ રીકવર થતા જોવા મળ્યા હતા. જેની સામે આજે શેરબજારમાં ઘટાડો જોવાયો હતો, એમ કહી શકાય કે અમેરિકાના ટેરિફની અસર આજે જોવા મળી હતી અને કડાકો બોલાયો હતો. આજે નિફ્ટીએ 24600ની સપાટી તોડી નાંખી હતી.

જોકે, નિષ્ણાતોના મતે ટેરિફની અસર રહેશે અને હજુય લાંબી ચાલી શકે છે, પણ એંકદરે બજારનું સેન્ટિમેન્ટ મજબૂત છે અને આવનારા દિવસોમાં બજારમાં તેજી જોવા મળી શકે છે, જેથી દરેક ઘટાડે ખરીદી કરવી જોઈએ.

વિદેશી રોકાણકારોની ભારે વેચવાલી રહી હતી, જુલાઈ મહિનામાં વિદેશી રોકાણકારોએ રૂ. 47500 કરોડની વેચવાલી કરી હતી. જેના પગલે શેરબજાર લાલ નિશાનમાં રહ્યું હતું. જેમાં રોકાણકારોની સંપત્તિમાં રૂ. 5.21 લાખ કરોડનું નુકશાન થયું છે. બીએસઈ સેન્સેક્સ 585.67 પોઈન્ટ એટલે કે 0.72 ટકા ઘટીને 80599.91 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 81317 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 80495 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 203 પોઈન્ટ એટલે કે 0.82 ટકા ઘટીને 24600 પોઈન્ટની સપાટી તોડીને 24565.35 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24784 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24535 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 344.35 પોઈન્ટ એટલે કે 0.62 ટકા ઘટીને 55617.60 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. બીએસઈ ખાતે ચાલેટ હોટલ્સમાં 38.36 ગણા, સાયન્ટ લિ.માં 19.59 ગણા, પીએનબી હાઉસીંગમાં 19.33 ગણા, ચંબલ ફર્ટીમાં 10.12 ગણા અને રેડીકો ખૈતાનમાં 3.86 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે ચાલેટ હોટલ્સમાં 50.8 ગણા, નેટવેબ ટેકનોમાં 2003 ગણા, પીએનબી હાઉસીંગમાં 16.99 ગણા, નેટવર્ક 18 મીડિયા 12.97 ગણા અને ઈન્ડેજિન લિ.માં 10.12 ગણા કામકાજ નોંધાયા છે. બ્રોડર માર્કેટમાં ઘટાડો નોંધાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.37 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.59 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. માર્કેટ બ્રેડથ નકારાત્મક રહ્યા હતા. બીએસઈ ખાતે 1307 શેરો વધ્યા હતા, જ્યારે 2711 શેરો ઘટયા હતા, જ્યારે 151 શેરો યથાવત રહ્યા હતા. બીએસઈ એસએમઈ પટેલ કેમ સ્પેશ્યાલિટીના આઈપીઓનું 30.95 ટકા પ્રીમિયમ સાથે રૂ. 110ના ભાવે લિસ્ટીંગ કર્યુ હતું. કંપનીએ રૂ. 84ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઈપીઓ 155.63 ગણો છલકાયો હતો. એનએસઈ એસએમઈ સેલોવ્રેપ ઈન્ડના આઈપીઓનું આજે 8.43 ટકા પ્રીમિયમ સાથે રૂ. 90ના ભાવે લિસ્ટીંગ થયું છે. કંપનીએ રૂ. 199ના ભાવે ઓફર કર્યો હતો. કંપનીનો આઈપીઓ 61.56 ગણો છલકાયો હતો.

### ઘણા સમય બાદ રૂપિયામાં રીકવરી

કરન્સી બજારમાં લાંબા ગાળા બાદ ડોલરની સામે રૂપિયો સુધાર્યો હતો. જોકે, આ સુધારો નજીવો જોવાયો હતો. ડોલરની સામે રૂપિયો 7 પૈસા સુધરીને 87.54ના સ્તરે બંધ રહ્યા હતા. જ્યારે ગત સેશનમાં 87.61ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 99.47, પાઉન્ડ 115.18, કેનેડિયન ડોલર 62.97, ઓસ્ટ્રેલિયન ડોલર 56.02, જાપાનીઝ યેન 0.5817 અને સીંગાપોર ડોલર 67.33ના સ્તરે બંધ રહ્યા હતા.

**ફોરેક્સ બજાર**

| | |
|---|---|
| ડોલર | 86.81 રૂ. |
| યુરો | 99.78 રૂ. |
| પાઉન્ડ | 115.74 રૂ. |
| યેન | 0.5837 રૂ. |

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | -585.67 | 80599.91 |
| નિફ્ટી | -203.00 | 24565.35 |
| બેન્ક નિફ્ટી | -344.35 | 55617.60 |

**નિફ્ટી**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.23 | 5180.00 |
| એશિયન પેઇન્ટસ | 1.46 | 2431.00 |
| એચયુએલ | 1.29 | 2553.70 |
| નેસલે ઇન્ડિયા | 1.28 | 2276.50 |
| હીરો મોટોકોર્પ | 1.19 | 4311.60 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 4.51 | 1629.70 |
| ડો. રેડ્ડીઝ લેબ | 3.91 | 1220.60 |
| સીપલા | 3.33 | 1502.80 |
| અદાણી એન્ટર | 3.28 | 2350.90 |
| ટાટા સ્ટીલ | 3.12 | 153.10 |

**સેન્સેક્સ**

**ટોપ ગેઇનર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટ્રેન્ટ | 3.24 | 5182.05 |
| એશિયન પેઇન્ટસ | 1.40 | 2429.45 |
| એચયુએલ | 1.17 | 2551.35 |
| આઇટીસી | 1.14 | 416.50 |
| કોટક બેન્ક | 0.88 | 1996.00 |

**ટોપ લુઝર્સ**

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| સન ફાર્મા | 4.49 | 1629.05 |
| ટાટા સ્ટીલ | 3.04 | 153.00 |
| મારૂતિ સુઝુકી | 2.65 | 12299.35 |
| ટાટા મોટર્સ | 2.60 | 648.75 |
| ઇન્ફોસીસ | 2.52 | 1470.60 |

### અમેરિકી શેરબજારમાં કડાકો

વોલ સ્ટ્રીટમાં આજે બપોરના વેપારમાં શેરોમાં ઘટાડો થયો હતો અને સરકારે ગયા મહિને ભરતીમાં તીવ્ર મંદીની જાણ કર્યા પછી ટ્રેઝરી યીલ્ડમાં તીવ્ર ઘટાડો થયો હતો. બજારો તાજેતરના ટેરિફ સમાચારો પર પણ પ્રતિક્રિયા આપી રહ્યા છે. S & P 500 1.2 ટકા ઘટ્યો હતો. આ ઘટાડો સૂચકાંકમાં તીવ્ર ફેરફાર દર્શાવે છે, જે જૂનથી 1 ટકાથી વધુ ઘટ્યો નથી. ગયા અઠવાડિયે રેકોર્ડ-સેટિંગના દોર પછી તે સાપ્તાહિક નુકસાનના માર્ગ પર પણ છે. ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ 451 પોઇન્ટ અથવા 1 ટકા ઘટ્યો હતો. નાસ્ડેક કમ્પોઝિટ 1.60 ટકા ઘટ્યો હતો.

### યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૭ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૫૪ | ૫૦/૩૬ '' | ૧૩૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૩૯ |
| ૩૦/૩૬ એફડી | ૨૬૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૨૨૦ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૭૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૩ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૩૧.૫ |
| ૬૮/૩૬ | ૧૨૬ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૬ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૨૪ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૩૦ | ૭૫ ક્રિમ્પ | ૧૨૩ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૯ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭.૨૫ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૨ | ૮૦/૭૨ રોટો | ૧૨૮ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૬ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૦ | ૮૦/૧૦૮ '' | ૧૩૪ | ૩૦/૩૬ એફડી | --- |

# શેર્સ, મ્યુ. ફંડમાંથી શોર્ટ ટર્મ ગેઇન

**ટેક્સ ટ્વિટર — વિરેશ રૂદલાલ**

ગત તા. 19.7.25ના અંકમાં આપણે શેર્સ-મ્યુ. ફંડના વેચાણમાંથી ઉદ્ભવતા લોંગ ટર્મ કેપિટલ ગેઈન અંગે જોયું. આ અંકમાં શોર્ટ કર્મ કેપિકલ ગેઈન અંગે વિચારીશું. બજેટ 2025માં તા. 27.7.2024થી અમલી બને તેમ શોર્ટ કર્મકેપિટલ ગેઈન (શેર્સ મ્યુ. ફંડ) 20 ટકા સુધી કરવામાં આવ્યો છે જે 22.7.2024 સુધી 15 ટકા હતો.

**કુલ આવક 3 લાખથી ઓછી**

કલમ 111એ મુજબ આવી શોર્ટ કર્મ કેપિટલ ગેઈન સિવાયની અન્ય આવક નિયત મુકિત મર્યાદા નવી ટેક્ષ પ્રણાલી મુજબ 3 લાખથી ઓછી હોય તો નિજય મુકિત મર્યાદા અને અન્ય આવકનો તફાવત, short fall, શોર્ટ ટર્મ કેપિટલ ગેઈનમાંથી બાદ કરીને બાકી રહેલી શોર્ટ કર્મ આવક ઉપર 20 ટકા ભરવાનો રહે છે. લોંગ ટર્મ કેપિટલ ગેઈન આવક ઉપર મળવાપાત્ર 1.25 લાખની કરમુકિતનો લાભ મળવાપાત્ર નથી.

**દાખલો**

દાખલો-1 : એક વ્યકિતની હિસાબી વર્ષ 2024-25ની શેર્સ વેચાણમાંથી ઉદ્ભવતી શોર્ટ કર્મ કેપિટલ ગેઈનની આવક 2.10 લાખ છે. આવકવેરાની નવી ટેક્ષ પ્રણાલિ મુજબ 3 લાખથી ઓછી હોય કરપાત્ર નથી.દાખલો-2 : એક વ્યકિતની હિસાબી વર્ષ 2024-25ની શોર્ટ કર્મકેપિટલ ગેઈનની આવક 2.85 લાખ છે અને અન્ય આવક 1.25 લાખ છે જે નવી ટેક્ષ પ્રણાલિ મુજબ 1.75 ઓછી છે, જે તફાવત શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન 2.85 માંથી બાદ જતાં નેટ ગેઈન 1.10 લાખ ઉપર 20 ટકા મુજબ 22000 ટેક્ષ ભરવાનો થશે. જો આવી આવક 22.7.2024 સુધીની હોય તો 15 ટકા ટેક્ષ રેઈટ લાગશે. સરચાર્જ અને સેશ અલગ લાગશે.

નોંધઃ નિયત મુકિત મર્યાદાનો લાભ એનઆરઆઈ અને બિનરહીશ ભારતીયોને મળવાપાત્ર નથી.

**કલમ 80 અને કલમ 87 એ મળવાપાત્ર નથી**

કલમ 111 એ હેઠળ શોર્ટ ટર્મ ગેઈનની આવકમાંથી કલમ 80સીથી કલમ 80યુ સુધીની વિવિધ કપાતો મળવાપાત્ર નથી. વળી કલમ 87એના રીબેટ અંગે આવેલ કલમ 87એ અને કલમ 115બીએસી (1બી)ના ફેરફારોને આધિન આ.વ. 2026-27થી આ રીબેટ મળવાપાત્ર નથી. આ.વ. 2024-25માં આ અંગે ખાસ્સો વિવાદ થયો હતો અને કોર્ટોના ચૂકાદા પણ તરફેણમાં આવ્યા હતા. આ.વ. 2025-26 સુધી આ રીબેટનો લાભ મળવો જોઈએ એવું સ્પષ્ટ લાગી રહ્યું છે.

**જૂની યોજનાને લાભ**

જે કરદાતાઓ ફોર્મ 10 આઈઈ ભરીને જૂની યોજના કે જેમાં કલમ 80સી, 80ડી વિગેરે લાભો મળે છે એમાં ચાલુ રહેવાનો વિકલ્પ પસંદ કરે તો તેઓને કલમ 111એ અને કલમ 112 મુજબના શોર્ટ ટર્મ ગેઈન (શેર્સ) અને લોંગ ટર્મ કેપિટલ ગેઈન (શેર્સ સિવાય) માં આવક હોય તો પણ તેઓને કલમ 87એનું રીબેટ મળવાપાત્ર છે. આમ આ.વ. 2025-26 મુજબ આવક ઉપર ભરવાપાત્ર આવકવેરામાંથી મહત્તમ 12500નું રીબેટ મળવાપાત્ર છે અને જૂની યોજનાની પસંદગી કરતા રહીશ વ્યકિતઓને આ.વ. 2026-27માં પણ આ રીબેટ મળવાપાત્ર છે. લોંગ ટર્મ કેપિટલ ગેઈન (શેર્સ) ઉપર આ રીબેટ જૂની યોજનામાં રીટર્ન ભરનારને મળવાપાત્ર નથી.

# જો મોદી ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકતા જણાશે તો ભારતના મતદારો તેમને પાઠ ભણાવશે



**ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ**

અમેરિકાના હ્યુસ્ટનમાં સપ્ટેમ્બર, ૨૦૧૯માં 'હાઉડી મોદી' કાર્યક્રમમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ત્યાર પછીનાં વર્ષે યોજાનારી અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે 'અબકી બાર ટ્રમ્પ સરકાર' સૂત્ર આપ્યું હતું. હ્યુસ્ટન કાર્યક્રમ પછીનાં બીજાં જ વર્ષે વડા પ્રધાન મોદીએ ડોનાલ્ડ ટ્રમ્પને અમદાવાદ આવવાનું આમંત્રણ આપ્યું. મોટેરા સ્ટેડિયમમાં યોજાયેલા ભવ્ય કાર્યક્રમમાં બંને નેતાઓએ એકબીજાની ખૂબ પ્રશંસા કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે મોદીને એક મહાન દેશના મહાન નેતા પણ કહ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં જ્યારે ટ્રમ્પે તેમના બીજા કાર્યકાળ માટે પદ સંભાળ્યું ત્યારે મોદી તેમને મળનારા ચોથા નેતા હતા. આ મુલાકાતમાં પણ ડોનાલ્ડ ટ્રમ્પે તેમને મહાન મિત્ર ગણાવ્યા હતા. હવે ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરતી વખતે ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને કોથળીમાં પાંચ શેરીનો ઘા માર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે ભારતને મિત્ર દેશ ગણાવ્યો છે, પરંતુ સાથે ફરિયાદ પણ કરી કે કોઈપણ દેશ સાથે વેપાર કરવા માટે ભારતમાં સૌથી મુશ્કેલ વેપાર અવરોધો છે. આ પહેલાં તેમણે ઘણી વખત ભારતને ટેક્સ કિંગ કહ્યું છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ ટેરિફને કારણે ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના મિત્ર છે, એવો વહેમ ઓગળી જવો જોઈએ. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં કોઈ કોઈનું મિત્ર હોતું નથી. જ્યારે દેશના સ્વાર્થની વાત આવે છે ત્યારે વેપાર વેપારને ઠેકાણે રહે છે અને મિત્રતાની વાતો હવામાં ઓગળી જતી હોય છે.

ડોનાલ્ડ ટ્રમ્પે માત્ર ભારત પર ટેરિફ વિશે વાત કરી નથી, પરંતુ રશિયા પાસેથી ખનિજ તેલ ખરીદવા પર દંડ લાદવાની પણ વાત કરી છે, જે વધુ ગંભીર બાબત છે. આનાથી મામલો જટિલ બન્યો છે. ભારતે કોની પાસેથી ખનિજ તેલ ખરીદવું અને કોની પાસેથી ન ખરીદવું, તેનો નિર્ણય અમેરિકાએ નહીં પણ ભારતે કરવાનો છે. વિદેશી અને વ્યૂહાત્મક બાબતો પર સંશોધન કરતી સંસ્થા અનંતા સેન્ટરના સીઈઓ ઈન્દ્રાણી બાગચીએ જણાવ્યું કે રશિયા સાથેના વેપારને કારણે ભારતને દંડ થશે. આ ઉપરાંત, બ્રિક્સ દેશો પર વધારાના ટેરિફની પણ ચર્ચા થઈ રહી છે. અમેરિકા દ્વારા ભારત પર વધારાનો ૧૦ ટકા ટેરિફ લાદવામાં આવ્યો છે, જેને કારણે હકીકતમાં ૩૫ ટકા ટેરિફ થશે, જેની હાનિકારક અસર ભારત અને અમેરિકાના વેપાર પર પડ્યા વિના રહેશે નહીં.

ગયાં વર્ષે ભારત અને અમેરિકા વચ્ચે ૧૨૯.૨ અબજ ડોલરનો વેપાર થયો હતો, જેમાંથી ભારતની નિકાસ ૮૭.૪ અબજ ડોલર હતી. એ વાત ચોક્કસ છે કે ૧ ઓગસ્ટથી અમેરિકામાં ભારતીય નિકાસ મોંઘી થશે. આ આપણા અર્થતંત્ર માટે એક મોટો ફટકો હશે. ભારતના ફાર્મા ક્ષેત્ર, જેમ્સ અને જ્વેલરી, સ્ટીલ, એલ્યુમિનિયમ અને કાપડ ઉદ્યોગોને અસર થશે. જોકે, નિષ્ણાતોમાં એ વાત પર મતભેદ છે કે ટેરિફની ભારતની નિકાસ પર ખાસ અસર નહીં પડે. ઈન્દ્રાણી બાગચી કહે છે કે ભારતીય અર્થતંત્રના કદને જોતાં આ કોઈ મોટો ફટકો નથી અને ભારત અન્ય બજારોમાં પ્રવેશ મેળવીને તેની ભરપાઈ કરશે. ભારતે બ્રિટન સાથે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આ વર્ષના અંત સુધીમાં યુરોપિયન યુનિયન સાથે પણ આવો જ કરાર થવાની અપેક્ષા છે. ચીન અને વિયેતનામ જેવા નિકાસ-આધારિત અર્થતંત્રોની તુલનામાં ભારત પર ટેરિફની અસર ઓછી હશે.

અમેરિકાએ રશિયા સાથેના વેપાર સંબંધો સમાપ્ત કરવા માટે ભારતની જેમ ચીન ઉપર પણ દબાણ વધાર્યું છે અને ચેતવણી આપી છે કે જો ચીન રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખશે તો તે ટેરિફમાં નોંધપાત્ર વધારો કરશે. ચીનના વિદેશ મંત્રાલયે પ્રતિક્રિયા આપતા કહ્યું કે ચીન હંમેશા તેના રાષ્ટ્રીય હિતોને અનુરૂપ ઊર્જાનો પુરવઠો સુનિશ્ચિત કરશે. બળજબરી અને દબાણ દ્વારા કંઈ પ્રાપ્ત થશે નહીં. ચીન તેના સાર્વભૌમત્વ, સુરક્ષા અને વિકાસ હિતોનું નિશ્ચિતપણે રક્ષણ કરશે. ભારત તરફથી અત્યાર સુધી કોઈ સંઘર્ષાત્મક પ્રતિક્રિયા આવી નથી. અમેરિકાની અર્થવ્યવસ્થા ભારતની અર્થવ્યવસ્થા કરતાં ઘણી મોટી છે. આ કારણે રશિયા સાથેના વેપાર બાબતમાં ભારત અમેરિકા સાથે ટકરાવ ઇચ્છશે નહીં, પરંતુ રસ્તો શોધવાનો પ્રયાસ કરશે.

છેલ્લા ઘણા મહિનાઓથી બંને દેશો વચ્ચે દૂતાવાસ સ્તરે અને અન્ય ઉચ્ચ સ્તરે વેપાર કરાર બાબતમાં વાતચીત ચાલી રહી હતી, પરંતુ ટ્રમ્પે આ વાતચીતની સમાપ્તિના બે દિવસ પહેલાં જ ભારત પર ૨૫ ટકા ટેરિફ નાખવાની જાહેરાત કરી તે આશ્ચર્યજનક છે. ભારતે અત્યાર સુધી વેપાર સોદામાં તેના કૃષિ અને ડેરી ક્ષેત્રને સુરક્ષિત રાખવા માટે મજબૂત વલણ અપનાવ્યું છે અને ભવિષ્યમાં પણ તેણે આવી જ મજબૂતાઈ બતાવવી પડશે. અમેરિકાની ઇચ્છા ભારતમાં મોટા પાયે દૂધ અને દૂધની બનાવટોની નિકાસ કરવાની છે પણ અમેરિકામાં ગાયોને માંસાહાર કરાવવામાં આવતો હોવાથી ભારત આ બનાવટોની આયાત કરવા તૈયાર નથી. જો અમેરિકાની ડેરી પ્રોડક્ટની ભારતમાં આયાત કરવામાં આવે તો શાકાહારી સમાજ તેનો વિરોધ કરે તેમ છે. ભારતનો આગ્રહ છે કે અમેરિકાથી જે ડેરી પદાર્થોની નિકાસ કરવામાં આવે તેમાં એવું સર્ટિફિકેટ હોવું જોઈએ કે દૂધ આપનારી ગાયને કોઈ માંસાહારી પદાર્થ ખવડાવવામાં આવ્યો નથી. અમેરિકામાં લગભગ તમામ ગાયોને માંસાહાર કરાવવામાં આવતો હોવાથી આવું સર્ટિફિકેટ આપવું શક્ય જ નથી. વળી અમેરિકા ભારતમાં જીએમ ફૂડની નિકાસ કરવા માગે છે, જેના માટે ભારત સરકાર તૈયાર નથી.

ભારત અમેરિકન માલ પર સૌથી વધુ ટેરિફ લાદતા દેશોમાંનો એક છે. અમેરિકાથી કરવામાં આવતી આયાત પર ભારત સરેરાશ ૧૭ ટકા ટેરિફ લાદે છે. બીજી તરફ, ૨ એપ્રિલ પહેલાં ભારતથી થતી આયાત પર અમેરિકાનો ટેરિફ ફક્ત ૩.૩ ટકા હતો. ૧૯૯૦-૯૧ સુધી ભારતમાં સરેરાશ ટેરિફ દર ૧૨૫ ટકા હતો. ઉદારીકરણ પછી, તેમાં ઘટાડો થતો રહ્યો છે. ૨૦૨૪ માં ભારતનો સરેરાશ ટેરિફ દર ૧૧.૬૬ ટકા હતો. ભારત સરકારે ૧૫૦ ટકા, ૧૨૫ ટકા અને ૧૦૦ ટકાના ટેરિફ દરો નાબૂદ કર્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ બન્યા પછી ભારત સરકારે ટેરિફ દરોમાં ઘટાડો કર્યો છે. ભારતમાં અગાઉ અમેરિકાની લક્ઝરી કાર પર ૧૨૫ ટકા ટેરિફ હતો, જે હવે ઘટાડીને ૭૦ ટકા કરવામાં આવ્યો છે. ભારતથી અમેરિકામાં નિકાસ થતાં ઉત્પાદનો મુખ્યત્વે ભારતનાં ૩૦ ક્ષેત્રોમાંથી આવે છે, જેમાંથી છ કૃષિ ક્ષેત્રના અને ૨૪ ઉદ્યોગ ક્ષેત્રના છે. ભારતની સૌથી મોટી ઔદ્યોગિક નિકાસ ફાર્મા ઉદ્યોગની હતી, જેનું કદ લગભગ ૧૩ અબજ ડોલરનું છે. અગાઉ ફાર્મા ઉદ્યોગને આ ટેરિફમાંથી મુક્તિ આપવામાં આવી હતી. હવે જો ફાર્મા ઉદ્યોગ પર પણ ૨૫ ટકા ટેરિફ લાદવામાં આવશે તો ભારતના ફાર્મા ઉદ્યોગને ફટકો પડ્યા વગર રહેશે નહીં. જો ડોનાલ્ડ ટ્રમ્પ ખનિજ તેલના મુદ્દા પર આગ્રહ રાખે તો ભારત આ મુદ્દા પર નમતું જોખવા તૈયાર થઈ ગયું છે. નમતું જોખવાનો અર્થ એ છે કે હાલમાં ભારત તેની કુલ તેલ આયાતના ૪૦ ટકા રશિયા પાસેથી ખરીદી રહ્યું છે પણ ટ્રમ્પની શરતનું પાલન કરવા માટે તેને ઘટાડીને ૨૦ ટકા કરવું પડશે. ભારતના પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ આ મહિને આ અંગે સંકેત પણ આપ્યો હતો. હરદીપ સિંહ પુરીએ નવી દિલ્હીમાં આયોજિત એનર્જી ડાયલોગ ૨૦૨૫માં કહ્યું હતું કે અમે કોઈપણ પ્રકારના દબાણ હેઠળ નથી. ભારતની ખનિજ તેલની આયાતનીતિ કોઈપણ દેશ પર નિર્ભર નથી. અમે સમગ્ર મામલા અંગે કોઈપણ રીતે ચિંતિત નથી. જો કંઈક થશે, તો અમે તેને સંભાળીશું. એટલે કે, હરદીપ સિંહ પુરી કહે છે કે ભારત પાસે ખનિજ તેલનો પુરવઠો રશિયા પાસેથી ખરીદવા ઉપરાંત અન્ય વિકલ્પો પણ છે, પરંતુ સંરક્ષણ પુરવઠા અંગે ભારત શું કરશે?

આ સૌથી મોટો મુદ્દો છે. ભારત લશ્કરી સાધનોની ખરીદી અંગે ટ્રમ્પની ધમકી સામે ઝૂકશે નહીં. વાસ્તવમાં, ડોનાલ્ડ ટ્રમ્પ ઇચ્છે છે કે ભારત રશિયાને બદલે અમેરિકા પાસેથી લશ્કરી સાધનો ખરીદે. ભારત આવું નહીં કરે, કારણ કે રશિયા માત્ર લશ્કરી સાધનો જ નથી આપતું પણ તેની ટેકનોલોજી પણ આપે છે. અમેરિકા ટેકનોલોજી આપતું નથી. બીજી વાત એ છે કે ભારતના સામાન્ય લોકોનો મૂડ ખાસ કરીને ઓપરેશન સિંદૂર પછી ડોનાલ્ડ ટ્રમ્પ અને અમેરિકા પ્રત્યે નકારાત્મક બની રહ્યો છે. લોકશાહી દેશમાં કોઈપણ સરકાર સંપૂર્ણપણે જાહેર અભિપ્રાયની વિરુદ્ધ જઈ શકતી નથી. જો ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી ભારતની જનતાની ભાવનાથી વિરુદ્ધ જઈને ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકતા જણાશે તો ભારતના મતદારો તેમને પાઠ ભણાવ્યા વગર રહેશે નહીં.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

**ડોનાલ્ડ ટ્રમ્પે માત્ર ભારત પર ટેરિફ વિશે વાત કરી નથી, પરંતુ રશિયા પાસેથી શસ્ત્રો ખરીદવા પર દંડ લાદવાની પણ વાત કરી છે, જે વધુ ગંભીર બાબત છે. આનાથી મામલો જટિલ બન્યો છે**

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૫૫૦ | કોપરેલ | ૭૨૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૩૫૦ | વનસ્પતિ ઘી | ૨૪૦૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૫૦ | સનફ્લાવર | ૨૨૩૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૯૦ | તલતેલ | ૪૯૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૯૦ | દિવેલ | ૨૪૨૦ |
| કપાસીયા (૫ લિ.) | ૭૮૦ | મકાઇ તેલ | ૨૨૫૦ |
| સરસીયું તેલ | ૨૭૮૦ | | |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૪૦૦ |
| એમ-૩૦ | ૪૪૦૦ |
| એસ-૩૦ | ૪૩૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૩૦૦ |
| એસ-૩૦ | ૪૨૫૦ |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૧૦૨૨૯૦ |
| તેજાબી સોનું | ૧૦૨૨૦૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૯૭૧૭૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૧૦૦૨૪૫ |
| સોનાનાં બિસ્કીટ | ૧૦૨૨૯૦૦ |
| ચાંદી (૯૯૯) | ૧૧૩૬૦૦ |
| ચાંદી સિક્કા | ૧૧૫૧૦૦ |


torrent POWER

**વીજપ્રવાહ બંધ રહેવા બાબત**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો આપવાના હેતુથી નીચે દર્શાવેલ સબસ્ટેશનોના નેટવર્ક મેઈન્ટેનન્સનું આયોજન કરેલ છે. આ સબસ્ટેશનોમાંથી વીજપુરવઠો મેળવતા ગ્રાહકોનો સવારના ૯:૦૦ થી સાંજના ૫:૦૦ કલાક દરમ્યાન વીજપૂરવઠો બંધ રહેશે.અનુસૂચિત સમય પહેલા વીજપુરવઠો પુનઃકાર્યરત કરવા માટે અમે અમારા શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

- ૦૪/૦૮/૨૦૨૫, સોમવાર : વિજયનગર (મજુરા ગેઈટ), સુભાષ નગર (પી.કે.રોડ)
- ૦૫/૦૮/૨૦૨૫, મંગળવાર: કે.જી. જીઆઈડીસી ઈન્ડ. ૩/૧, કે.જી. જીઆઈડીસી ઈન્ડ. ૩/૩, એપીએમસી માર્કેટ નં.૧ (પી.કે. રોડ), એપીએમસી માર્કેટ નં.૨ (પી.કે. રોડ)
- ૦૬/૦૮/૨૦૨૫, બુધવાર : હરિ દર્શન (કતારગામ), ભાગ્યોદય ઈન્ડ. નં.૧૩ (પી.કે.રોડ)
- ૦૭/૦૮/૨૦૨૫, ગુરૂવાર : નોસરવાનજી ઈન્ડ. (ભાઠેના), મિલેનીયમ માર્કેટ નં.૩ (રીંગ રોડ)-T૨, ઓર્ચિડ ટાવર (પી.કે.રોડ)
- ૦૮/૦૮/૨૦૨૫, શુક્રવાર : જય આનંદ ઈન્ડ. નં.૧ (આંજણા), જવાહર (ઉમરવાડા), સુર્યા (સીટી લાઈટ)
- ૧૦/૦૮/૨૦૨૫, રવિવાર : તક્ષશિલા (મજુરા)

અસુવિધા બદલ દિલગીર છીએ

વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિક ઘરે બેઠા અમારી સેવાઓ ઉપલબ્ધ કરી શકશે જે મેળવવા કોલ 19128 / 0261-2551912 / 9099991912 અથવા મેઈલ connect.srt@torrentpower.com કરવા વિનંતી WhatsApp 8141970070



बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

બલેશ્વર શાખા : (સુરત સીટી II રીઝન)મેઈન રોડ, બલેશ્વર, તા.પલસાણા, જી.સુરત–૩૯૪૩૧૭ ફોન : ૨૬૨૨–૨૬૪૨૪૭ Email : balesh@bankofbaroda.com

**દેવાદાર ને એડવાન્સ પરત કરવા માટેની નોટીસ**

પ્રતિ,
**અમિતાબેન બાબુલાલ પધાન**
૫૦૬ યોગીદર્શન સોસાયટી પલસાણા, સચિન, જી. સુરત, ગુજરાત ૩૯૪૩૧૫
મહે. શ્રી / શ્રીમતી
વિષય : તમારી ગોલ્ડ લોન ખાતા નં. ૧૭૫૫૦૬૦૦૦૨૨૭૧

ઉપર જણાવેલ તમારૂ લોન ખાતુ તા. ૨૭.૧૨.૨૦૨૪ થી મુદતવીતી થયુ છે જેના સંદર્ભમાં જણાવવાનું કે.

તેથી, અમે તમને વિનંતી કરીએ છીએ કે તમે આ પત્ર મળ્યાના ૨૧ દિવસની અંદર તમારા તરફથી બાકી રહેલી રકમ રૂા. ૧૩૧૦૦૦/– + વ્યાજ (અંકે રૂા.એક લાખ એકત્રીસ હજાર વત્તા વ્યાજ) ની રકમ તે તારીખથી ચુકવણી સુધી વાર્ષિક ૧૦.૪૦% ના દરે વધુ વ્યાજ સાથે ચુકવવાનુ જણાવવા માં આવે છે.

જો તમે ઉપરોક્ત માંગણીનું પાલન કરવામાં નિષ્ફળ જાઓ છો, તો અમે અન્ય સિક્યોરિટીઝ લાગુ કરવાના અને/ અથવા અમારા માટે ઉપલબ્ધ તમામ કાનુની પગલાં અને ઉપાયો અપનાવવાના અમારા તમામ અધિકારોને નુકસાન પહોંચાડયા વિના, તમારા દ્વારા ગીરવે મૂકેલ સોનું જાહેર હરાજી અથવા ખાનગી સંધિ દ્વારા વેચીશું, અને જો વેચાણની રકમ તમારા પાસેથી બાકી રહેલી સંપૂર્ણ દેવાની રકમ વસૂલવા માટે પૂરતી ન હોય, તો અમે તમારા દ્વારા અમલમાં મુકાયેલા દસ્તાવેજો હેઠળ અને કાયદા દ્વારા અન્યથા, અમે તેની વસૂલાત માટે હકદાર છીએ તેવા આગળના પગલાં અપનાવીશું.

તા : ૧૫/૦૭/૨૦૨૫ શાખા મેનેજર



**નવસારી મહાનગરપાલિકા**

**જાહેર નોટીસ**

મોજે નવસારીના લક્ષ્મણ હોલ થી મોટા બજાર પોલીસ ચોકી થઇ ટાટા સ્કુલ તરફ જતો રસ્તાની પહોળાઇ વધારી ૧૫.૦૦ મીટર કરવા રસ્તાની સીધી લીટી મુકવા બાબત.

આથી ધી જી.પી.એમ.સી. એક્ટ-૧૯૪૯ ની કલમ-૨૧૦ હેઠળ જાહેર જનતાને જણાવવાનું કે, મહેરબાન કમિશ્નરશ્રી સાહેબ દ્વારા લોકોની રજુઆતોને ધ્યાને લઈ જનહિતમાં નવસારી શહેરના લક્ષ્મણ હોલ થી મોટા બજાર પોલીસ ચોકી થઇ ટાટા સ્કુલ તરફ જતો હયાત સરેરાશ ૧૦.૦૦ મીટર પહોળાઇના રસ્તાને હયાત રસ્તાનાં મધ્યબિન્દુથી થી બન્ને તરફ ૭.૫૦ મીટરનો વધારો પહોળાઈનો કુલ ૧૫.૦૦ મીટર પહોળાઈનો કરવા સુચિત રસ્તા રેખા મૂકવાનો નવસારી મહાનગરપાલિકા ઈરાદો ધરાવે છે.

આ સૂચિત રસ્તા રેખાથી નીચે મુજબની મિલકતોને અસર થાય છે.

મોજે નવસારીના લક્ષ્મણ હોલ થી મોટા બજાર પોલીસ ચોકી થઇ ટાટા સ્કુલ તરફ જતા રસ્તાની પૂર્વે ટીકા નં. ૩/૨ માં સી.સ.નં. ૮૮, ૯૦, ૯૧, ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬, ૯૭, ૧૦૯, ૧૧૦, ટીકા નં. ૯/૧ ના સી.સ.નં. ૨૨, ૫૧, ૨૩, ૫૦, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૪૫, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૯૨ તેમજ લક્ષ્મણ હોલ થી મોટા બજાર પોલીસ ચોકી થઇ ટાટા સ્કુલ તરફ જતા રસ્તાની પશ્ચિમે ટીકા નં. ૧૧/૬ માં સી.સ.નં. ૫૨, ૫૧, ૫૦, ૪૯, ૪૮, ૪૭, ૪૬, ૪૫, ૪૩, ૪૨, ૪૧, ૪૦, ૩૯, ૩૮, ૩૭ ટીકા નં. ૧૦/૪ માં સી.સ.નં. ૧૯, ૧૮, ૧૭, ૧૬, ૧૫, ૧૪, ૧૩, ૧૨, ૧૧, ૧૦, ૯, ૨૬, ૭, ૬, ૫, ૪, ૩, ૨, ૧ ટીકા નં. ૧૦/૩ માં સી.સ.નં. ૯૯, ૯૮, ૯૭, ૯૫, ૯૪, ૧૨૫, ૮૮, ૮૭, ૮૬, ૫૯ ને રોડ લાઈનની અસર થાય છે.

આ નોટિસથી નવસારી મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસતા તમામ શખ્સો તથા ઉપરોક્ત લાઈનદોરીથી અસર પામતી મિલકતોના હક્ક/હિતસંબંધ ધરાવનાર તમામ શખ્સોને જાણ કરવામાં આવે છે કે, ઉપરોક્ત દરખાસ્ત અંગે જેઓને વાંધા/સૂચન હોય, તેઓએ તેમના લેખિત વાંધા/સૂચનો/રજૂઆત આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી એક માસની મુદતમાં નવસારી મહાનગરપાલિકાને મોકલી આપવા.

ઉપરોક્ત દરખાસ્ત મુજબની સૂચિત લાઈનદોરી દર્શાવતા નકશાની નકલ નવસારી મહાનગરપાલિકાની મુખ્ય કચેરીમાં નોટિસ બોર્ડ ઉપર જાહેર જનતાની જાણ તથા જોવા માટે, પ્રદર્શિત કરવામાં આવેલ છે. જે રજાના દિવસો સિવાય ઓફિસ સમયમાં જાહેરાતની મુદ્દત દરમિયાન જોઈ શકાશે.

--SD--
દેવ ચૌધરી (IAS)
મ્યુનિસીપલ કમિશ્નર
નવસારી મહાનગરપાલિકા

માહિતી/નવસારી/૨૮૦/૨૦૨૫



**ટોરેન્ટ પાવર લિમિટેડ**
CIN No.: L31200GJ2004PLC044068
રજી. ઓફિસ : 'સમન્વય', ૬૦૦, તપોવન, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫.

**જાહેર નોટીસ**

ટોરેન્ટ પાવર લિમિટેડ કે જેની રજીસ્ટર ઓફિસ 'સમન્વય', ૬૦૦, તપોવન, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫, જગ્યાએ આવેલી છે. તેમના દ્વારા ભારત સરકારશ્રીમાં વીજળી અધિનિયમ ૨૦૦૩ ની કલમ ૧૬૪ અન્વયે ઈલેક્ટ્રીક લાઈનો અથવા ઈલેક્ટ્રીક પ્લાન્ટ વીજળીના પ્રસારણ અથવા ટેલીફોનિક અથવા ટેલિગ્રાફિક કોમ્યુનિકેશન કે જે કામના યોગ્ય સમન્વય માટે જરૂરી છે કે જે ટેલિગ્રાફ ઓથોરિટી ભારતીય ટેલિગ્રાફ અધિનિયમ, ૧૮૮૫ અન્વયે ધરાવે છે તેને માટેના પાવર્સ / અધિકાર આપવા અરજી કરવામાં આવેલ છે / કરવાની છે, અને તે ટેલિગ્રાફ લાઈનો અને મથકો ટેલિગ્રાફના સંસ્થાપન અને જાળવણી સરકાર શ્રી દ્વારા અથવા તેનું સંસ્થાપન અને જાળવણી માટે સર્વે, બાંધકામ, સ્થાપના, ચકાસણી, ઈરેક્શન અથવા અન્ય કાર્યો કે જે નીચે જણાવેલી પ્રસારણની સ્કીમ માં કમીશનીંગ, ઓપરેશન, જાળવણી અને અન્ય કામોને અનુસરશે.

**પ્રસારણ ની સ્કીમનું નામઃ** વિતરણ લાઈસન્સધારક તરીકે ટોરેન્ટ પાવર લિમિટેડને ૧૬૦ MW GNA માટે, સુરત નજીક નવસારી ગુજરાતને કનેક્ટિવિટી પૂરી પાડવી, TPL (ભટાર) - નવસારી (નવા) (જીઆઈએસ) ૨૨૦ કે.વી. ડબલ સર્કિટ લાઈન (મલ્ટી સર્કિટ ટાવર પર) અને નવસારી (નવા) છેડે સંબંધિત જોડાણ.

**સ્કીમ ની અંદર આવરી લેવાયેલા કાર્યોઃ** અંદાજે ૧૭ કિમી ડબલ સર્કિટ ટ્રાન્સમિશન લાઈન (મલ્ટી સર્કિટ ટાવર પર) અને નવસારી (નવા) છેડે સંબંધિત જોડાણ બાંધકામ.

આ સ્કીમમાં આવરી લેવાયેલી પ્રસાર લાઈનો નીચે જણાવેલા ગામો, નગરો અને શહેરોમાંથી ઉપરથી, આજુબાજુ માંથી અથવા વચ્ચેથી પસાર થશે.

| ગામોના નામ | તાલુકો | જિલ્લો |
|---|---|---|
| દીપલા, ઉભરાટ, દાંતી, ભાઠા, મગોબ, કરાંખટ, | જલાલપોર | નવસારી |
| ઉંબેર, ગભેણી, તલંગપોર, કનસાડ | ઉધના | સુરત |

રૂટ નકશા ની નકલ નીચે સહી કરનારની કચેરીએ ઉપલબ્ધ છે. આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે આ સૂચિત પ્રસારણનો સિસ્ટમ માટે નિરીક્ષણ / રજૂઆત કરવી હોય તો, તે નોટીસ જાહેર થયાની તારીખથી બે માસમાં નીચે સહી કરનારની કચેરીમાં લેખિત રજૂઆત કરી શકશે.

**વધુ વિગત અને સ્પષ્ટીકરણ માટે સંપર્ક કરો.**

નામ: શ્રી રાજેન્દ્ર દિનકર
હોદ્દો: જનરલ મેનેજર
કચેરી સરનામું: ટોરેન્ટ પાવર લિમિટેડ, સ્ટેશન રોડ, સુરત - ૩૯૫૦૦૩
ઈ-મેલ સરનામું: rajeshmoliya@torrentpower.com
ફોન નં: ૦૨૬૧-૨૪૦૦૨૪૦/૯૮૨૪૦૦૯૯૩૦
તારીખઃ ૦૧/૦૮/૨૦૨૫
સ્થળઃ સુરત



**APPLE CINEMA**
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફ્રી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat

મસ્ત કોમેડીનો ખજાનો



**સન ઓફ સરદાર-2**
૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૪૫, ૧૨.૩૫, ૧.૦૦, ૨.૩૦, ૪.૧૦, ૫.૧૫, ૬.૨૦, ૭.૦૦, રાત્રે ૮.૧૦, ૯.૧૦, ૧૦.૨૦, ૧૧.૦૦

ગુજરાતી ફેમિલી ફિલ્મ **મહારાણી** ૨.૧૫, ૭.૩૫
**વિશ્વગુરુ** ગુજરાતી ૧૨.૦૦, રાત્રે ૮.૦૦
**સંઘવી એન્ડ સન્સ** ગુજરાતી એક શો : ૫.૨૦

બે દિલોની દિલચશ્મ લવસ્ટોરી



**ધડક 2**
૯.૧૦, ૧૦.૩૦, ૧૨.૦૦, ૨.૫૦, ૫.૪૦, રાત્રે ૯.૦૦, ૮.૨૫, ૧૧.૧૦
**સામ્રાજ્ય (કિંગડમ)** ૯.૪૦, ૩.૨૫, રાત્રે ૧૦.૧૦, ૧૧.૦૦
**સૈયારા** ૯.૦૦, ૧૧.૫૦, ૧.૨૦, ૨.૩૫, ૪.૫૦, ૬.૦૦
**મહાવતાર નરસિંહ** ૮.૪૫, ૧૧.૧૦, ૧.૩૫, ૪.૦૦, ૬.૨૦, રાત્રે ૮.૪૦, ૧૦.૦૦
**ધ ફેન્ટાસ્ટિક ફોર : ફર્સ્ટ સ્ટેપ્સ** (હિન્દી) એક્શન : એક શો : ૩.૫૦



ફક્ત રૂા. ૮૦/- થી શરૂ
કોમેડીનો મસ્ત ખજાનો....



**સન ઓફ સરદાર પાર્ટ-2**
અજય દેવગન, મૃણાલ ઠાકુર, ચંકીપાંડે
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

જબરજસ્ત ફૂલ એક્શન (હિન્દી)



**સામ્રાજ્ય (કિંગડમ)**
વિજય દેવરા કોંડા
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦

**RUPAM CINEMA**
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.



**RAJHANS**
મસ્ત કોમેડીનો ખજાનો



**ગોપીતળાવ** નવસારી બજાર, સુરત
**સન ઓફ સરદાર-2** ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
**મહાવતાર નરસિંહ** ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
**સૈયારા** ૧૨.૩૦, ૩.૦૦, ૬.૦૦
**ધડક-2** ૧૨.૦૦
**સામ્રાજ્ય (કિંગડમ)** (હિન્દી) રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.



**કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, નર્મદા જિલ્લા સેવા સદન, પ્રથમમાળ, રાજપીપલા, જિ. નર્મદા-૩૯૩૧૪૫**
**ફોન નં.-૦૨૬૪૦-૨૨૨૧૬૧**

**જાહેર નિવિદા**

નર્મદા જિલ્લા ખાતે કાર્યરત ઈ-સેવા સોસાયટીના બે એકાઉન્ટ(ઈ-સેવા સોસાયટી અને ઈ-સેવા સોસાયટી ઈ-ધરા ફંડ) નું સ્ટેટ્યુટરી ઓડીટ કરાવવાનાં હેતુથી લાયકાત અને અનુભવ ધરાવતા C.A./C.A. Firms પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ અને ટેન્ડરની શરતો એ.ડી.એમ. શાખા, કલેક્ટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી, નર્મદા- રાજપીપલા ખાતેથી કચેરી સમય દરમ્યાન મેળવી શકાશે. ભાવ પત્રકો ભરીને RPAD અથવા SPEED POST થી મોડામાં મોડા તારીખ:૧૧/૦૮/૨૦૨૫ ના સાંજે ૦૬:૧૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે ઉપરોક્ત દર્શાવેલ સરનામે મોકલી આપવાના રહેશે. ભાવપત્રકો તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ સવારે/બપોરે ૧૨:૦૦ કલાકે અત્રેની કચેરીમાં ખોલવામાં આવશે. આ સમયે ભાવપત્રક ભરનાર એજન્સીના માલીક/અધિકૃત પ્રતિનિધિ હાજર રહી શકશે.

કલેક્ટર
નર્મદા-રાજપીપલા

માહિતી/નર્મદા/૨૦૪/૨૦૨૫-૨૬